સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને
ડીસીઝ ડાયગ્નોસ્ટીક અને રિસર્ચ
સેન્ટર સ્થાપવા બાબત

**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: વપસ/૧૦૨૦૧૯/એસ.એફ.- ૦૩/ડબલ્યુ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૮/૦૨/૨૦૧૯**

**આમુખ:-**

તાજેતરમાં ગીર(પૂર્વ) વન વિભાગ, ધારીના કાર્યક્ષેત્રની દલખાણીયા રેન્જમાં થયેલા સિંહોના મૃત્યુના બનાવ પછી તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ગીરમાં વસતા એશિયાઇ સિંહોના લાંબાગાળાના સંરક્ષણ તથા તેના માટે હાલની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે માળખાકિય સુવિધાઓ અને અન્ય સવલતો વિકસાવવા યોજાયેલ બેઠકમાં સિંહોના રેસક્યુ, રસીકરણ, આરોગ્ય ચકાસણીની કામગીરી માટે અદ્યતન સુવિધાવાળી હોસ્પિટલ બનાવવાનો નિર્ણય થયેલ છે. જે અંગે સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક અને રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે TOR બનાવવાની જરૂરિયાત પ્રથમ તબક્કે છે. જેમાં તમામ પાસાઓ સમાવિષ્ટ થાય તે માટે એક સમિતિના ગઠન અંગેની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક એન્ડ રિસર્ચ સેન્ટર સ્થાપવા બાબતે નીચે મુજબની સમિતિની રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

## ઠરાવ

સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક એન્ડ રિસર્ચ સેન્ટર સ્થાપવા બાબતે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

| અ.નં. | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યજીવ), ગુજરાત રાજ્ય | અધ્યક્ષ |
| ૨ | અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યજીવ), ગુજરાત રાજ્ય | સભ્ય |
| ૩ | અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય<br>(જેઓ કેમ્પાની કામગીરી સંભાળતા હોય) | સભ્ય |
| ૪ | મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫ | નિયામકશ્રી, ઇન્ડિયન વેટરનરી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ(IVRI), બરેલી, ઉત્તર પ્રદેશ અથવા તેઓ દ્વારા નિયુક્ત તેમના પ્રતિનિધિ | સભ્ય |
| ૬ | ડિન, ફેકલ્ટી ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી અથવા તેઓ દ્વારા નિયુક્ત તેમના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, સેવા, વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૮ | અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, વન્યજીવ, વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૯ | નિયામકશ્રી, સક્કરબાગ ઝૂ, જુનાગઢ | સભ્ય સચિવ |

૨. ઉક્ત સમિતિની ફરજો નીચે મુજબ રહેશે.

(૧) ત્રણ માહિનામાં સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક એન્ડ રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે TOR તૈયાર કરી રજૂ કરવાનું રહેશે. જેમાં સ્થળની પસંદગી, માળખાકીય સુવિધાઓ, ઉપકરણો, માનવબળની જરૂરિયાતોનો સમાવેશ કરી લેવાનો રહેશે.

(૨) TOR તૈયાર થયા પછી DPR બનાવવાની કામગીરી કરાવવી અને ત્યારબાદ DPR નું મૂલ્યાંકન કરવું અને આખરીકરણ કરવું.

(૩) DPR મુજબ કામગીરી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૪) DPR મુજબ લેવાના થતાં માનવબળ માટે ભરતી નિયમો અને સેવા વિષયક બાબતો નક્કી કરવી અને મંજૂર કરાવવાની કામગીરી.

(૫) પ્રોજેક્ટની સમયાંતરે સમીક્ષા કરવી.

(૬) સમિતિ દ્વારા કરવામાં આવતી કામગીરીનો અહેવાલ સમયાંતરે સરકારશ્રીને મોકલવો.

૩. સમિતિનું મુખ્ય મથક **ગાંધીનગર** રહેશે.

૪. સમિતિના સભ્યોને નાણા વિભાગના તા.૦૩/૧૦/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:-પીજીઆર-૧૦૦૯-૧૧-પે સેલ(ચ) અને તેમાં થતાં વખતો વખતના સુધારા મુજબ મુસાફરી ભથ્થું/દૈનિક ભથ્થું ચૂકવવાનું રહેશે. જેમાં અ.નં- (૫) પર રહેલ સભ્યને નિયમોનુસાર હવાઈ ભથ્થુ મળવાપાત્ર થશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૦/૦૨/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ સી. શાહ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HOFF), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(WL), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (WL), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (મોનિટરિંગ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ
- નિયામકશ્રી, ઇન્ડિયન વેટરનરી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ(IVRI), ઇજ્જત નગર, બરેલી –૨૪૩ ૧૨૨, ઉત્તર પ્રદેશ
- ડિન, ફેકલ્ટી ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૦૦૧
- અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, સેવા, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, વન્યજીવ, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- નિયામકશ્રી, સક્કરબાગ ઝૂ, જુનાગઢ
- સીસ્ટમ મેનેજર – વન અને પર્યાવરણવિભાગ – IWDMS પર મૂકવા માટે.
- સીલેક્ટ ફાઈલ (બ્રાન્ચ કલેક્શન)
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઈલ